divyabhaskar.com

તંત્રની બલિહારી | સ્વાઈન ફ્લૂના બહાને આવેદન પત્રો ન સ્વીકાર્યાં

# જમીન સંપાદન વટહુકમનો વિરોધ કરનારા ખેડૂત આગેવાનોની ધરપકડ

## 150 તાલુકામાં ખેડૂતોએ આવેદન આપ્યા

ભાસ્કર ન્યૂઝ. અમદાવાદ

**ગાંધીનગર** કેન્દ્ર સરકાર દ્વારા જમીન સંપાદનના કાયદામાં વટહુકમ દ્વારા થયેલા ફેરફારનો વિરોધ કરવા માટે 23 ફેબ્રુઆરીના રોજ રાજ્યભરની મામલતદાર કચેરીઓ અને કલેક્ટર કચેરી ખાતે આવેદન પત્ર આપવા ગયેલા ખેડૂત આગેવાનો અને ખેડૂત પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી એટલુંજ નહીં સ્વાઈન ફ્લૂનું કારણ દર્શાવીને અધિકારીઓએ ખેડૂતોનું આવેદન પત્ર સ્વીકારવાની પણ ના પાડી હતી. ખેડૂત સમાજના મંત્રી સાગર રબારીએ જણાવ્યું છે કે ‘રાજ્યભરના કૂલ 150 તાલુકાઓમાંથી જમીન સંપાદનના વટહુકમનો વિરોધ કરતા આવેદન પત્રો મામલતદારો દ્વારા વડાપ્રધાન, ગ્રામીણ વિકાસ મંત્રી અને સ્થાનિક સાંસદને મળે તે માટે આપવામાં આવ્યા છે, ખેડૂતો દ્વારા વટહુકમની હોળી કરવામાં આવી છે.’ ખેડૂત સમાજે સરકારને ચીમકી ઉચ્ચારી છે કે જમીન સંપાદન વટહુકમના મામલે ગુજરાતના ખેડૂતો રાષ્ટ્રીય કાર્યક્રમોમાં પણ જોડાશે.